| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૩/૦૬/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૫૨/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૫૩૨ | ૧૩ | ૮૫૪૫ | ૧૪૬૪૩ | ૧૧ | ૧૪૬૫૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૯ | ૦ | ૪૨૨૯ | ૫૭૪૧ | ૦ | ૫૭૪૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૯ | ૦ | ૨૯ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૬૩૭ | ૨૮ | ૭૬૬૫ | ૮૬૩૪ | ૩૮ | ૮૬૭૨ |
| કુલ | | ૨૦૪૨૭ | ૪૧ | ૨૦૪૬૮ | ૨૯૨૧૭ | ૪૯ | ૨૯૨૬૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૨૯ | ૩૪,૫૦૦/- |

# ઘરોફોડ ચોરીના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## ઘરફોડ ચોરીના બે આરોપીઓને રોકડા નાણાં, પૈસા મુકવાની લોખંડની પેટી અને બેંકની પાસબુકો મળી કુલ કિંમત રૂપિયા ૨૬,૫૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી ગોમતીપુર વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીના ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ.

અમદાવાદ શહેરમાં બનતા ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ક્રાઇમબ્રાંચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજય કુમાર તોમર સાહેબ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે ક્રાઇમ બ્રાંચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન અને ક્રાઇમબ્રાન્ચના મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્કોડના હે.કો.ભરતકુમાર શીવરામભાઇ અને હે.કો.કૌશીક ગોવિંદભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે ગોમતીપુર કાલીદાસ ચાર રસ્તા પાસેથી આરોપીઓ (૧) કરણ સ/ઓ સોહનભાઇ હિમંતભાઇ પ્રજાપતી ઉ.વ.૨૫ રહે.જમનાદાસની ખડકી લુહારશેરી ઘર નં. ૧૦૩૨ ગોમતીપુર ગામ અમદાવાદ શહેર (૨) સુરેશ સ/ઓ બુધાજી મંગાજી ડાભી ઉવ.૪૫ રહે.દરજીની ખડકી માતાજીની પોળની બાજુમાં ગોમતીપુર ગામ અમદાવાદ શહેર નાઓને રોકડ નાણાં, પૈસા મુકવાની લોખંડની પેટી અને બેંકની પાસબુકો મળી કુલ્લે કિરૂ. ૨૬,૫૦૦/- ની મતાના મુદ્દામાલ સાથે પકડી પાડી ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢેલ છે.

### શોધાયેલ ગુન્હો

(૧) ગોમતીપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૮૨૦૦/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦ મુજબ.

### પકડાયેલ આરોપીઓની એમ.ઓ.

આ કામે પકડાયેલ આરોપીએઓ વહેલી સવારે સાડા ચારેક વાગે તેઓના રહેઠાણ નજીક ગોમતીપુર ગામમાં આવેલ પટેલ જીવરાજભાઇ બીડી વર્ક્સ નામની કંપની પાસે ગયેલ અને આ પેઢીના બહારના ભાગે લગાવેલ લાકડાના પાર્ટીશનનુ પાટીયુ ડીસમીસથી તોડી અંદર જઈ ઓફીસનો દરવાજો તોડી બીજી ઓફીસમાં પડેલ પૈસા મુકવાની લોખંડની પેટી તોડી તેમાંથી રોકડા રૂ.૨૬,૪૦૦/- તથા પૈસા મુકવાની લોખંડની પેટી અને બેંકની પાસબુકો મળીની ચોરી કરેલ હોવાનુ જણાવેલ છે.

### પકડાયેલ આરોપીનો ગુનાહીત પુર્વ ઈતીહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.૧ કરણ પ્રજાપતિ છ એક વર્ષ અગાઉ ગોમતીપુર પો.સ્ટે માં દારુ પીધેલાના કેસમાં પકડાયેલ છે તથા આરોપી નં.૨ પાંચ છ મહીના પહેલા ગોમતીપુર પો.સ્ટે માં મારામારીના કેસમાં પકડાયેલ છે.

# મિલ્કત સંબંધી ગુનાના આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

## મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ઇન્ચાર્જ ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સાહેબનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના અ.હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા અ.હેડ.કોન્સ.ધર્મરાજ યુવરાજ બ.નં.૮૬૯૮ તથા હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૧૩૯૪ તથા પો.કો. ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૧૩૯૪ નાઓને સંયુકત બાતમી હકીકત આધારે આરોપી સલમાનખાન સલીમખાન પઠાણ ઉ.વ.૨૪ રહે : બ્લોક નં.૭૫ સદભાવનાનગર ચાર માળિયા વટવા અમદાવાદ શહેર નાને ચોરીએ ગયેલ અશોક લેલન કંપનીનું હુક લોડર નં.જીજે.૦૧.ડી.વી.૦૪૪૮ કિ,રૂ,૧૦,૦૦૦/ ના મુદામાલ સાથે પકડી લઇ **દાણીલીમડા પો.સ્ટે.**એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૬૮૨/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાટરીયા નંગ-૭૮ કિંમત રૂપિયા ૧૫,૬૦૦/-નો કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને હાલમા પ્રોહીબિશન અંગેની ડ્રાઇવ ચાલતી હોય આજરોજ તા ૧૨/૦૬/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશનના સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ આર.આર.ગળચર નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પ્રોહી અંગેની ડ્રાઇવ અનુસંધાનમા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.હે.કો સુરેશકુમાર જીવણભાઇ તથા અ.પો.કો વિજયસિહ બાબુભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે લીસ્ટેડ પ્રોહી બુટલેગર કુણાલ વાડીલાલ ઠક્કર ઉ.વ ૪૨ રહે મ.ન ઇ/૧૧ ઇશ્વરનગર સોસાયટી ઉત્તમનગર કેનાલ પાસે ઇસનપુર અમદાવાદ શહેરના ઘરે પ્રોહી અંગેની રેઇડ કરી ઘરની પાછળ જાજરૂમા સંતાડીને રાખેલ ભારતીય બનાવટના વિદેશીદારૂના કાચના શીલબંધ ક્વાટરીયા નંગ-૭૮ કિંમત રૂપિયા ૧૫,૬૦૦/-ના પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-સી-૧૧૧૯૧૦૨૨૨૦૦૮૪૯/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫એ,ઇ,૧૧૬(બી) મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરેલ છે તા ૧૨/૦૬/૨૦૨૦

## સરદારનગર પોલીસ સ્ટેશન :-

## સગીરા પાસે બીભત્સ માંગણીઓ કરી તેના અશ્લીલ વીડીયો વાયરલ કરી તથા તેને આત્મહત્યા કરવા દુષ્પ્રેરણ કરવાના ગુનામાં નાસતો ફરતો આરોપી પકડી પાડતી

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રીસેક્ટર-૨, નાઓ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જી' ડિવીઝન અમદાવાદ શહેર તથા સિનિ. પોલીસ ઇન્સ્પેક્ટર એચ.બી.પટેલ સા. ના માર્ગદર્શન હેઠળ સરદારનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં ૧૧૧૯૧૦૪૦૨૦૦૬૬૯ /૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૫૪, ૩૫૪(એ)(ડી) તથા પોક્સો એક્ટ કલમ ૧૧(૨)(૩)(૪)(૫), ૧૨, ૧૭, તથા આઇ.ટી એક્ટ કલમ ૬૭(બી) મુજબ તથા સરદારનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં ૧૧૧૯૧૦૪૦૨૦૦૮૩૬/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૦૬, ૧૧૪ મુજબના ઉપરોક્ત બન્ને ગુનાના કામે નાસતો ફરતો આરોપી સમય ઉર્ફે લાલુ લક્ષ્મણભાઈ ગાગડેકર ઉ.વ.૧૮ રહે:- નવખોલી છારનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાનો નાએ સગીરાનો અલગ અલગ સમયે પીછો કરી હાઠ પકડી ખેચી શરીર સંબંધ બાંધવાની માંગણી કરતા સગીરાએ ના પાડતા તેઓની પાસેના સગીરાના કપડા વગરના વીડીયો વાયરલ કરી તેમજ બીજા ગુનામાં આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરી ઉપરોક્ત બન્ને ગુનામાં આજદિન સુધી નાસતો ફરતો હોય જે આજરોજ પો.સ્ટે વિસ્તાર માં આવતા તેને પકડી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.તા.૧૧/૦૬/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) સે.પો.ઈન્સ એમ.બી.બારડ સરદારનગર પો.સ્ટે (૨) અ.લો.ર મનોજકુમાર ભાઈલાલભાઈ બ.નં ૧૨૯૧૬ (૩) અ.લો.ર. રઘુવીરસિંહ ભમ્મરસિંહ બ.નં ૫૨૦



**ખોખરા પોલીસ સ્ટેશન :-**

## દેશીદારૂની મોટા પ્રમાણમાં હેરાફેરી કરતા ઇસમને ૭૦૦ લીટર દેશીદારૂ ભરેલી ફોર વ્હિલ કાર સાથે પકડી તેની પાસેથી કુલ્લે ૩,૬૯,૨૭૦/- નો મુદ્દામાલ જપ્ત કરતો સર્વેલન્સ સ્કવોડ ખોખરા પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી, સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, સેકટર-૨, નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૫, તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેર દ્વારા પ્રોહી/જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વાય.એસ.ગામીત નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી,આર.એન.ચુડાસમા તથા સ્ટાફના અ.હેડ.કોન્સ.જીગ્નેશભાઇ જીવાભાઇ બ.નં.૯૯૨૨ તથા અ.હેડ.કોન્સ.ભરતસિંહ પરષોતમભાઇ બ.ન.૭૦૩૭ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.ન.૧૦૧૩૫ તથા લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ એ રીતેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ગોરના કુવા ગુરૂજી બ્રીજ નીચે આવતા સાથેના લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ નાઓને ચોક્કસ બાતમી હકિકત મળેલ કે,એક સફેદ કલરની કાર જેનો નંબર જીજે-૨૭-એ.એ.-૮૭૪૨ નો છે જે કારમા કેટલોક દેશીદારૂનો જથ્થો ભરી બરોડા એક્ષપ્રેસ હાઇવે તરફથી આવી અત્રે થઇ પસાર થનાર છે, જે આધારે આરોપી વસીમ સલીમભાઇ શેખ ઉ.વ.૩૨ રહે.મ.નં.ડી/૫૦૮ હીલપાર્ક રેસીડન્સી સદાની ધાબીપાસે નારોલ વટવા રોડ વટવા અમદાવાદ શહેર નાનો તેના કબ્જાની ફોર વ્હિક કારમાંથી ૭૦૦ લીટર દેશીદારૂ કિં.રૂ.૧૪,૦૦૦/- નો લઇ આવતા હોય જે આરોપીને પકડી તેના વિરૂધ્ધમા ખોખરા પો.સ્ટે.સી.પાર્ટ ૧૧૧૯૧૦૦૩૨૦૦૬૨૧/૨૦ ધી પ્રોહી એૅકટ કલમ ૬૬બી,૬૫,ઇ,૮૧,૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી કરી પ્રશન્સનીય કામગીરી કરેલ છે.

**કબ્જે કરેલ મુદ્દામાલ :-** દેશીદારૂ ૭૦૦ લીટર કિં.રૂ.૧૪,૦૦૦/- તથા મારૂતી રીટ્સ કાર જેની કિં.રૂ.૩,૫૦,૦૦૦/- મોબાઇલ ફોન- નંગ-૦૧ કિં.રૂ.૫૦૦૦/- તથા અંગઝડતીના નાણા રૂ.૨૭૦/- જે મળી કુલ્લે ૩,૬૯,૨૭૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે



## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

## પ્રોહિ.નો કવોલીટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ઇન્ચાર્જ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલી રહેલ પ્રોહિ./જુગારના ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સાહેબનાઓ ની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના અ.હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા અ.હેડ.કોન્સ.ધર્મરાજ યુવરાજ બ.નં.૮૬૯૮ તથા હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૧૩૯૪ તથા પો.કો. ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી તૌસીફ અલીભાઇ પટેલ ઉ.વ.૩૦ રહે : એ/૧૪ સીમા રો હાઉસ અલ હમ્દો મસ્જિદની પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાને વગર પાસ પરમીટની ભારતીય બનાવટનો LONDAN PRIDE PREMIUM WHISKY બ્રાન્ડની વિદેશી દારુની સીલબંધ બોટલો નંગ-૧૬૮ કિ,રૂ,૭૪,૦૦૦/ તથા રોકડા રૂ,૧૦,૦૦૦/ તેમજ ઓપો કંપનીનો મો.ફોન નંગ-૧ કિ,રૂ,૧૦,૦૦૦/ મળી કુલ્લે કિ,રૂ,૯૪,૦૦૦/ ના મુદામાલ સાથે પકડી લઇ પ્રોહિ.નો કવોલીટી કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૫૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૯૫૬ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૦ કવાટર્સ ઇંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૬૯૦/- અને જુગાર ના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૫૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૯૫૫/૨૦૨૦

**રાણીપઃ** રેણુબહેન વા/ઓફ નરેશભાઈ સોલંકી (ઉ.વ.૫૭) (રહે.સેન્ટ ઝેવિયર્સ સોસાયટી વિશ્વદિપ સોસાયટીની અંદર રાધાસ્વામી રોડ રાણીપ) તા.૧૨/૦૬/૨૦૨૦ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે રાણીપ ડિવાઈન્ડ ચાઈલ્ડ (એમ.કે.દેસાઈ) સ્કુલની પાસે આવેલ રોડ ડિવાઈડર કટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ પર આવેલ બે પુરૂષ રેણુબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૬૫,૦૦૦/- ખેચી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેણુબહેન સોલંકીએ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૯૫૬/૨૦૨૦

**રાણીપઃ** સુમન ડો/ઓફ કાન્તીભાઇ સોલંકી (ઉ.વ.૨૩) (રહે.બંસરી એપાર્ટમેન્ટ રૂદ્રપ્રયાગ એપાર્ટમેન્ટ સામે રાણીપ) એ પ્રેમ પ્રકરણના કારણે મનમાં લાગી આવતા તા.૧૨/૦૬/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંકના કોઈ માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાવજીભાઈ ભીમાજી ચલાવે છે.

**રામોલઃ** કનૈયાલાલ શંકરલાલ કોષ્ટી (ઉ.વ.૪૦) (રહે. માત્રુ સાનિધ્ય ફ્લેટ ન્યુ મણીનગર રામોલ) એ આર્થિક તંગીના કારણે મનમાં લાગી આવતા તા.૧૨/૦૬/૨૦૨૦ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રવિણભાઈ રતિલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી